ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY — GOVERNMENT OF GUJARAT

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**<u>અખબારી યાદી</u>** તા:૧૬/૦૭/૨૦૧૬

**પ્રતિ,**
**તંત્રીશ્રી,**

.................................,

ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા

## રૂરલ આઈ. ટી. કવીઝ–૨૦૧૬નું થનાર આયોજન.

ટાટા કન્સલ્ટન્સી સર્વિસ લિમિટેડ (TCS) દ્વારા બેંગલોર ખાતે નેશનલ કક્ષાએ રૂરલ આઈ. ટી. કવીઝનું આયોજન ફકત ગ્રામ્ય વિસ્તારની શાળાઓ માટે જ કરવામાં આવે છે. જેના ભાગરૂપે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST), ગાંધીનગર દ્વારા રાજયકક્ષાની નેશનલ લેવલ રૂરલ આઈ.ટી. કવીઝ–૨૦૧૬ સ્પર્ધાનું આયોજન ગુજરાતમાં પ્રથમ જિલ્લા કક્ષાએ અને ત્યારબાદ રાજય કક્ષાએ કરવામાં આવે છે. જે અનુસંધાને ભાવનગર જિલ્લામાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા જિલ્લા કક્ષાની રૂરલ આઈ. ટી. કવીઝ યોજાશે.

આ સ્પર્ધામાં ફકત ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ ૮ થી ૧૨માં અભ્યાસ કરતાં વિધાર્થીઓ જ ભાગ લઈ શકશે. એક શાળામાંથી વધુમાં વધુ ૦૧ ટીમ (ટીમમાં બે વિધાર્થીઓ) ભાગ લઈ શકશે. આ કવીઝમાં ભાગ લેનાર તમામ ટીમે જીલ્લા કક્ષાએ ૫૦ ગુણની એલીમીનેશન ટેસ્ટ અંગ્રેજી ભાષામાં આપવાની રહેશે.

આ જિલ્લા કક્ષાની રૂરલ આઈ. ટી. કવીઝ –૨૦૧૬ કાર્યક્રમમાં ભાગ લેવા આપની શાળાના ૨ (બે) વિદ્યાર્થીઓની એક (૧) ટીમ પસંદ કરીને પસંદ થયેલ વિધાર્થીઓની વિગતો શાળાના લેટરપેડમાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, 'વિજ્ઞાન ભવન', પ્લોટ નં.૨૨૦૬/૪–એ, પંજાબ નેશનલ બેંક વાળી શેરી, સંસ્કાર મંડળ પાસે, ભાવનગર ખાતે રૂબરૂ, પોસ્ટ અથવા ઈ–મેઈલ (krcscbvn@gmail.com) દ્વારા મોકલાવી શકાશે.

વધુ માહિતી માટે ફોન નં. ૨૫૭૦૧૧૦/૧૧૧ પર સવારનાં ૧૦:૦૦ થી સાંજના ૬:૦૦ કલાક દરમ્યાન સંપર્ક કરવો. તેવું કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના સંચાલકશ્રીની યાદીમાં જણાવાયું છે.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.